વાતાવરણ પલ્ટાથી આકાશી નઝારો બદલાયો : મેઘરાજાની હાથતાળી

ગરમીનુ જોર ઘટયુ : ગાંધીનગર આસપાસના વિસ્તારમાં વરસાદી ઝાપટુ વરસ્યુ : શહેરમાં વરસાદની આશ ઠગારી નિવડી : ગરમીનો પારો ચાર ડીગ્રી નીચે ઉતરતા ત્રણ મહીનાના અંતે મહત્તમ તાપમાન ૩૬ ડીગ્રીએ આવ્યુ : વાતાવરણ પલ્ટાતી ઠંડક પ્રસરી : આજે પણ દિવસ દરમિયાન વાદળિયુ વાતવરણ છવાયેલુ રહ્યુ

ગાંધીનગર તા ૧૩

ગત માર્ચ મહીનાથી આકરી ગરમીમાં શેકાતા ગાંધીનગરમાં છેલ્લા બે દિવસથી આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયેલા જોવા મળે છે. ગઈકાલે પણ શહેર આસપાસના વિસ્તારમાં વાતાવરણ પલ્ટાના અંતે વરસાદી ઝાપટાથી ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા. ભીની માટીની મહેંક સાથે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી પરંતુ શહેર મેઘમહેરના અભાવ વચ્ચે કોરુધાકોર રહેતા વરસાદની આશ સેવતા નગરજનોમાં નિરાશા વ્યાપી હતી. જયારે વાતાવરણ પલ્ટાની અસરથી ગરમીનુ જોર ઘટી ગયુ હતુ. મહત્તમ તાપમાન નોંધપાત્ર ઘટાડા સાથે ૩૬.૫ ડીગ્રી સુધી નીચે ઉતરી ગયુ હતુ. જયારે વાદળિયા વાતાવરણ અને વરસાદી વાયરાથી શહેરમાં પણ ઠંડક પ્રવર્તી હતી. જો કે આજે પણ સવારથી વાદળિયા વાતાવરણ વચ્ચે નગરજનોએ હળવો બફારો અનુભવ્યો હતો. જયારે મોડી સાંજ સુધી આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયેલા જોવા મળ્યા હતા પરંતુ વરસાદ હાથતાળી આપી ગયો હતો. વરસાદ વરસ્યો ન હતો પરંતુ ત્રણ મહીનાના અંતે ગરમીનો પારો સડસડાટ નીચે ઉતરી ગયો હતો. જેના લીધે લાંબા સમયથી આક્રમક હીટવેવથી પરેશાન જનજીવનમાં રાહત જોવા મળી હતી.

ગાંધીનગરમાં છેલ્લા ત્રણ મહીનાથી નગરજનો અસહ્ય ગરમીથી પ્રભાવિત છે. આકરી ગરમીના લીધે નગરજનો તોબા પોકારી ગયા છે. સતત હીટવેવના લીધે જનજીવન આકુળ વ્યાકુળ છે.

ગત માર્ચ મહીનાથી જ ગરમીનો મિજાજ ઉગ્ર રહ્યો હતો જેના લીધે મહત્તમ તાપમાન પણ સતત ૪૦ ડીગ્રીની ઉપર જ રહેતા અંગ દઝાડતી ગરમીથી સૌ કોઈ બેચેન બન્યા છે. એપ્રિલ મેં મહીનામાં પણ રેકર્ડ બ્રેક ગરમીના લીધે આકાશમાંથી આગ વરસતા જન આરોગ્ય પણ પ્રભાવિત થયુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર

વરસાદ આવ્યો, સાંભળતા જ નગરજનોમાં ભયની લાગણી

ગાંધીનગર, તા. ૧૩

વરસાદ શરૂ થયાની વાતો જ સાંભળતા ગાંધીનગરમાં શહેરમાં ઠેર ઠેર વિકાસકામોને લઈ કરવામાં આવેલ ખોદકામ તેમજ તેનુ પૂરણ જે યોગ્ય રીતે કરવુ જોઈએ તે ન થયુ હોવાથી ભુવા પડવાની બીક તેમજ નવા બનાવેલા માર્ગો પછી સ્ટ્રોમલાઈનની સફાઈનું કામકાજ પણ હજુ પૂર્ણ થયું નથી એટલે અનેક સ્થાનો પર પાણી ભરાઈ જવાનો ભય નગરજનોને સતાવી રહ્યો છે.

ગાંધીનગર શહેરમાં હજુ ઘણા સ્થાનો પર તો પાણીની પાઈપલાઈન બદલવા માટેના ખાડાઓ ખોદીને તૈયાર કરવામાં આવ્યા છે. પાઈપલાઈન નંખાઈ નથી. આ ઉપરાંત ક્યાંક ક્યાંક ગટરલાઈનો પણ ઉભરાઈ રહી છે ત્યારે નગરજનો ભયથી ધ્રુજી ઉઠ્યા છે.

શહેરમાં પાણી ભરાઈ જવાની તેમજ ભુવા પડવાની ઘટનાઓ ગયા વર્ષે ચોમાસા દરમ્યાન નોંધાઈ હતી આ ઉપરાંત ટુંકા મૂળ ધરાવતા વૃક્ષો પડી જવાનો ભય પણ નગરજનોની ચિંતાનું કારણ બની ગાંધીનગર શહેરમાં ભયની લાગણી નગરજનોમાં સવાર થઈ ગઈ છે.

● અનુસંધાન પાન-૭ પર

જૂન અંતિમ દિવસોમાં બેસતુ ચોમાસુ જૂનની મધ્યમાં આવ્યુ

ગાંધીનગરમાં ચોમાસાના એક ડઝન જેટલા કંટ્રોલરૂમ હજુ ૧૫ જૂનથી કાર્યરત થશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેર અને જિલ્લામાં સામાન્યતઃ જૂનના અંતિમ દિવસોમાં અથવા જુલાઈના પ્રથમ સપ્તાહમાં વિધિવત્ ચોમાસુ બેસતુ હોય છે. છેલ્લા ૧૦ થી ૧૫ વર્ષમાં જોઈએ તો ૨૫ જૂનથી ૨૯ જૂન વચ્ચે સામાન્યતઃ પ્રથમ વરસાદ નોંધાતો રહ્યો છે. આ વખતે દેશભરમાં નૈઋત્યનું ચોમાસુ વહેલુ છે. કેરળમાં પણ ચોમાસુ વહેલુ આવ્યુ છે. કેરળમાં ચોમાસુ આવ્યા બાદ મહારાષ્ટ્રમાં થઈ ગુજરાતમાં ચોમાસાનો પ્રારંભ થતો રહ્યો છે.

જિલ્લામાં હજુ ચોમાસાના એક્શન પ્લાન તૈયાર કરી અને તંત્રના અધિકારીઓને પહોંચી રહ્યો છે તેમજ ગાંધીનગર શહેરમાં ચોમાસાના પગલે શરૂ થતા એક ડઝન જેટલા કંટ્રોલરૂમ પણ ૧૫મી જૂનથી કાર્યરત થતા હોય છે. આ વખતે ૧૧ જૂનથી વરસાદ શરૂ થયો છે. કેટલાક લોકો હાલ થઈ રહેલા વરસાદને પ્રિ-મોન્સુન એક્ટીવીટી ગણાવી રહ્યા છે.

માણસામાં બે કલાકમાં અઢી ઈંચ વરસાદ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં આકરી ગરમી પછી છેલ્લા ત્રણ દિવસથી જિલ્લામાં થઈ રહેલા છુટાછવાયા હળવાથી મધ્યમ વરસાદને લઈ ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો છે. માણસા તાલુકામાં આજે બપોરના સુમારે અઢી ઈંચ જેટલો વરસાદ નોંધાતા સમગ્ર પંથકમાં ખુશીનો માહોલ છવાયો છે તેમજ વાતાવરણમાં ઠંડક પણ પ્રસરી જવા પામી છે.

ગઈકાલે રાત્રે ગાંધીનગર તાલુકાના ચંદ્રાલા અને છાલા પંથકમાં સારો વરસાદ થયો હતો જયારે ગાંધીનગરમાં બહુ ગાજેલો વરસાદ છાંટા થઈ અટકી પડ્યો હતો.

કલોલમાં વધુ ૧ મી.મી. વરસાદ સવારે ૬ વાગ્યા સુધીમાં નોંધાતાં આ તાલુકામાં બે મી.મી. વરસાદ થયો છે.

ગઈકાલે થયેલ ગાજવીજને પગલે જિલ્લામાં ત્રણ ગામોએ વીજળી પડવાથી ત્રણ પશુઓના પણ મોત નીપજ્યા હોવાના અહેવાલોથી પશુપાલકોમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

ગઈકાલે રાત્રે વીજળી પડવાને કારણે બે ગાય અને એક ભેંશનું મોત થયાના અહેવાલો છે. માણસા તાલુકામાં બે પશુઓના અને દહેગામમાં એક પશુનું મોત થયુ છે.

મળતી વિગતો પ્રમાણે માણસા તાલુકાના ધમેડા અને ચરાડા ગામે વિજળી પડવાની ઘટનાઓ બની હતી. ધમેડા ગામે વિજળી પડવાથી એક ભેંસ અને ચરાડા ગામે વિજળી પડવાથી એક ગાયનું મોત થયું છે.

આજ પ્રમાણે દહેગામ તાલુકાના વડવાસા ગામે વિજળી પડવાને કારણે એક ગાયનું મોત નીપજ્યુ છે.

જિલ્લામાં સામાન્યતઃ ૧૫મી જૂન પછી વરસાદ થતો હોય છે. આ વખતે ત્રણ દિવસ વહેલો અર્થાત્ ૧૧, ૧૨ અને ૧૩ એમ ત્રણેય તારીખોમાં હળવાથી મધ્યમ વરસાદ નોંધાયો છે.

કલોલ તાલુકામાં ૧૧ અને ૧૨મીએ એક-એક મી.મી. વરસાદ નોંધાયો છે. માણસા તાલુકામાં આજે બપોરે ૧ થી ૪ના બે કલાકના ગાળામાં જ ૬૫ મી.મી. વરસાદ પડતાં વાતાવરણમાં બદલાવ આવ્યો છે.

બે કલાકમાં અઢી ઈંચ જેટલો વરસાદ નોંધાતા ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો છે. જમીનમાં ભેજ પણ પ્રાપ્ત થયો છે તેમજ હવે જિલ્લામાં ખરીફ વાવણીની કામગીરી વેગીલી બનશે. માણસા તાલુકામાં

વીજળી પડવાને કારણે ધમેડા, ચરાડા અને દહેગામના વડવાસા ગામે ત્રણ પશુઓના મોત નીપજ્યા : જિલ્લામાં કલોલ-માણસામાં વરસાદ નોંધાયો : ચંદ્રાલા-છાલામાં વરસાદ થયો

● અનુસંધાન પાન-૭ પર

ન્યુ ગાંધીનગરમાં વિજલાઈનોને અન્ડર ગ્રાઉન્ડ કરી દેવાતા સમસ્યાઓનો અંત આવશે

ગાંધીનગર તા ૧૩

ગુડા વિસ્તારમાં વિજળીની સમસ્યાને ડામવા માટે આગામી દિવસોમાં તમામ વિજ કેબલો અન્ડર ગ્રાઉન્ડ કરી દેવાશે ગુડા વિસ્તારમાં વારંવાર વિજ સમસ્યા સર્જાય છે જયારે આ સમસ્યાનો કાયમી નિકાલ લાવવા માટે આ નિર્ણય લેવાયો છે. જયારે રહેણાંક વધુ હોય ત્યાં પ્રથમ અગ્રતા આપી કામ હાથ ધરવાનો પણ નિર્ણય લેવાયો છે.

ગાંધીનગરમાં સરગાસણ નજીક રૂ ૩૦ કરોડના ખર્ચે ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન દ્વારા ૬૬ કીલોવોટનુ સબ સ્ટેશન પણ તૈયાર કરાયુ છે. ઉત્તર ગુજરાત વિજ કંપની લી દ્વારા આ મામલે આખરી નિર્ણય લેવાતા કામ પણ શરૂ કરાયુ છે. જયારે યુ જી વી સી એલ દ્વારા ગાંધીનગર શહેર વિકાસ સત્તા મંડળ પાસેથી તમામ ટાઉન પ્લાનીંગ સ્કીમોના રોડ મેપ મંગાવી લેવાયા છે. જયારે રસ્તાની ડિઝાઈન મુજબ વિજ કેબલોની લાઈન અન્ડર ગ્રાઉન્ડ કરવા માટે ખર્ચ તેમજ અંદાજો તૈયાર કરવામાં આવી રહ્યા છે. જયારે સરગાસણ નજીક ૩૯૦૭ ચો મી જગ્યામાં ૬૬ કીલો વોટનુ સબ સ્ટેશન પણ કાર્યરત થઈ ગયુ છે. જેના લીધે અડાલજ કુડાસણમાં સબ સ્ટેશન પર વિજભાર ઘટશે ગ્રાહકોને પણ વિજસેવા યોગ્ય મળી રહેશે. નવા ગાંધીનગર વિસ્તારમાં દિન પ્રતિદિન વિકાસ થઈ રહ્યો છે. રહેણાંક અને કોર્મશિયલ પ્રવૃતિ વધી છે. આ સ્થિતિ વચ્ચે વિજ લાઈનનુ નેટવર્ક યોગ્ય કરવા મામલે સુત્રોના જણાંવ્યા મુજબ સબ સ્ટેશનમાંથી ૧૧ કીલો વોટ ક્ષમતાની પાંચ નવી વજરેશા કાર્યવન્તિ કરવામાં આવી છે. સાથે આ સબ સ્ટેશનનો લાભ કુડાસણ, સરગાસણ, વાસણા હડમતિયા અને આસપાસના વિસ્તારને પણ મળશે. ન્યુ ગાંધીનગર વિસ્તારમાં વિજ લાઈનને અન્ડર ગ્રાઉન્ડ કરવાની યોજના પુર્ણ થવાની સાથે વિજ અકસ્માતોનુ પ્રમાણ પણ ઘટશે. હાલ આ વિસ્તારમાં હવામાં લટકતા વિજ કેબલો પણ જોવા મળી રહ્યા છે. જયારે આ સ્થિતિ પણ જોવા નહીં મળે તેમજ ગ્રાહકોને સલામત અને પુરતી વિજ સેવાનો લાભ મળશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

આકાશમાં આજકાલ અવનવા દૃશ્યો સર્જાય છે. ક્યારેક નિરાંતે નજર ફેરવો તો અવનવા દૃશ્યોના દર્શન થઈ જાય છે. ખાસ કરીને સૂર્યોદય અને સૂર્યાસ્ત સમયે આકાશમાં જોવા મળતા આછા વાદળો અવનવા રંગોની રંગોળી સર્જે છે. આકાશમાં લાલ, પીળા, કેસરી અને ગુલાબી દૃશ્યો જમીન પરના લીલા વૃક્ષો અને ભૂખરી જમીન સાથે અદ્‌ભૂત દૃશ્યો સર્જે છે. આવા દૃશ્યો મનને એકદમ પ્રફુલ્લીત કરી દે છે.

સાત એજન્સીઓને બ્લેકલીસ્ટ કરવાની કાર્યવાહી કરવા કમિશનરને જણાવાયુ : જસવંત પટેલ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિએ આજે સાત જેટલી એજન્સીઓને બ્લેક લીસ્ટ કરવા તેમજ તેમની સામે કાયદાકીય કાર્યવાહી કરવા માટે મ્યુનિ. કમિશનરને ભલામણ કરી છે.

સ્થાયી સમિતિની બેઠક બાદ પત્રકારો સાથેની વાતચીતમાં સમિતિના ચેરમેન જસવંતભાઈ પટેલે જણાવ્યુ છે કે ભ્રષ્ટ્રાચારની ફરિયાદોની તપાસને અંતે સાત એજન્સીઓની સંડોવણી હોવાનું પ્રાથમિક તારણ આવતાં આ એજન્સીઓ સામે પગલાં લેવામાં આવે તેવો સૌ સભ્યોએ એક સાથે સૂર વ્યક્ત કર્યો છે.

તેમણે જણાવ્યુ હતુ કે કમિશનરને આ અંગે નિમાયેલ તપાસ કમિટીનો અહેવાલ મળી ગયા બાદ કમિશનર દ્વારા તેમને કારણદર્શક નોટીસની બજવણી કરવામાં આવશે અને આ એજન્સીઓની રજુઆતને પણ સાંભળી પછી આગળની કાર્યવાહી કરવા માટેની મંજૂરી આપવામાં આવી છે.

આ એજન્સીઓમાં રૂદ્ર એન્ટરપ્રાઈઝ, પવિત્રા સોલ્યુશન, માનવ એન્ટરપ્રાઈઝ, ગણેશ કોર્પોરેશન, મિનાક્ષી એન્ટરપ્રાઈઝ, એસ.એમ. ટ્રેડિંગ અને માજી ગ્રૂપનો સમાવેશ થાય છે.

તેમણે જણાવ્યુ હતુ કે ભ્રષ્ટ્રાચારને કોઈપણ સંજોગોમાં સાંખી લેવામાં આવશે નહિ. આ કંપનીઓ પુનઃ નવા નામે આવે નહિ તે માટે ખરીદી અંગેના નિયમોમાં ફેરફાર કરવા સહિતની સૂચનાઓ આપવામાં આવી છે.

તેમણે જણાવ્યુ હતુ કે જો આ કંપનીઓ દોષિત થશે તો કાયદાકીય પગલાં લેવામાં પણ મનપા પાછીપાની કરશે નહિ. તેમણે કહ્યુ હતુ કે મનપાની તિજોરી પર કોઈની તરાપ નહિ પડવા દઈએ.

ભારતીય શિક્ષણ પ્રશિક્ષણ સંસ્થાન
Indian Institute of Teacher Education
(State Public University of Government of Gujarat)
Admission 2022
(For Programmes at IITE Campus only)
(Please visit University Website for seats and other details)

Programme	Course	Duration
Under Graduate	B.A.-B.Ed.	4 Year
Post Graduate	B.Ed.-M.Ed.	3 Year
	M.Ed.	2 Year
	M.Sc./M.A. M.Ed.	3 Year

Apply online on IITE website: www.iite.ac.in from 14 June, 2022.
Last date to apply: 20 June, 2022 Email: admission2022@iite.ac.in
Date: 13.06.2022 Registrar, IITE

શહેરમાં કોરોનાના વધુ ૬ કેસ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૬ કેસ તો જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધુ પાંચ કેસ નોંધાતા તંત્ર સતત દોડતુ જોવા મળ્યુ હતું.

શહેર-જિલ્લામાં કોરોનાના કેસોની ગતિ વધી હોવાથી તંત્ર ચોંકી ઉઠ્યુ છે. આડકતરી રીતે તંત્ર ટ્રાવેલ હિસ્ટ્રી દર્દીઓ ધરાવતા હોવાની વાતને આગળ કરી લોકલ ટ્રાન્સમિશન અંગે મૌન સેવી રહેલ છે.

શહેર-જિલ્લામાં આજે નોંધાયેલા ૧૧ કેસના તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. કોરોનાના કેસો વધી રહ્યા છે પણ હળવા લક્ષણો દર્દીઓ ધરાવતા હોવાથી તેમની હોમ આઈસોલેશનની માંગ સ્વીકારવામાં આવે છે તેવું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

શહેર-જિલ્લામાં સઘન સર્વેલન્સ તેમજ હોમ આઈસોલેશનના નિયમોનું અસરકારક પાલન થાય એટલુ જ નહિ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા માટે પણ તાકીદ કરી છે.

ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકામાંથી આજે કેસો મળી આવ્યા છે. ગાંધીનગરમાંથી ૨, દહેગામમાંથી, કલોલમાંથી અને માણસામાંથી એક-એક કેસ મળી આવેલ છે.

ગાંધીનગર તાલુકામાં આજે અડાલજમાંથી એક વૃદ્ધ દંપત્તિ કોરોનામાં સપડાયુ છે. અડાલજ એ બીજી-ત્રીજી લ્હેર વખતે પણ સંવેદનશીલ વિસ્તાર તરીકે ઉભરી આવ્યુ હતુ તેથી તંત્રએ આજે નોંધાયેલા આ કેસોને ગંભીરતાથી લીધા છે.

દહેગામમાં કડાદરા ગામેથી એક ૧૭ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલમાં જાસપુરમાં આવેલ અદાણી શાંતિગ્રામમાંથી આજે વધુ એક કેસ મળેલ છે. ૪૭ વર્ષીય પુરૂષ જે ચેન્નાઈથી પરત ફર્યો હતો અને તાવ તેમજ અન્ય લક્ષણો જણાતાં તેનો ટેસ્ટ કરાતાં રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

માણસા તાલુકાના પરબતપુરા ગામે એક ૬૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સતત બીજે દિવસે કોરોનાના પાંચ કેસ નોંધાયા છે તેથી તંત્રની દોડધામ વધી જવા પામી છે. તંત્રએ શંકાસ્પદ દર્દીઓના ટેસ્ટીંગના પ્રમાણમાં વધારો કરવા માટેની સૂચનાઓ આપી છે. ગ્રામ્ય વિસ્તારમાં હાલ રોજના ૫૦૦ જેટલા ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. ગાંધીનગર જિલ્લામાં આજે એક્ટીવ કેસની સંખ્યા ૧૫ પર પહોંચી છે. ૪૮૦ થી વધુ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૬ કેસ નોંધાયા છે. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૩ મહિલા દર્દી છે. મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે પેથાપુર, નવા પાલજ, સે.૩-એ-ન્યુ, કુડાસણ, રાંદેસણ અને સરગાસણમાંથી કેસો મળ્યા છે. તંત્રએ આજે પણ દાવો કર્યો છે કે સંક્રમણની સ્થિતિ નિયંત્રણમાં છે. કેસો છુટા છવાયા મળ્યા છે તેમાં પાંચ દર્દીઓમાં ટ્રાવેલ હિસ્ટ્રી હોવાનું સામે આવ્યું છે.

પેથાપુરમાં સામાજિક પ્રસંગને લઈ અમદાવાદ ગયેલી મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. નવા પાલજ ગામેથી ૫૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દી શ્રીનાથજીના પ્રવાસે ગયા હતા અને ૫મી જૂને પરત ફર્યા પછી તાવ અને અન્ય લક્ષણો જણાતાં ટેસ્ટ કરાવતા રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

સે. ૩-એ-ન્યુમાં ૨૯ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી નહિ ધરાવતી હોવાનું જાણવા મળેલ છે.

રાંદેસણ ગામેથી ૨૬ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જે ૧૨મી જૂને ભરૂચથી પરત ફર્યો હતો અને તાવ તેમજ અન્ય લક્ષણો જણાતાં રિપોર્ટ કરાવતાં રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

સરગાસણમાંથી ૪૭ વર્ષીય યુવા બિલ્ડરનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દી વિદેશ પ્રવાસે ગયા હતા અને ૭મી જૂનના રોજ

ગ્રામ્યમાં વધુ ૫ કેસ નોંધાયા : ગાંધીનગર તાલુકામાં ૨, દહેગામ, માણસા, કલોલમાં ૧-૧ કેસ તથા શહેરમાં સે. ૩-એન્યુ, સરગાસણ, કુડાસણ, રાંદેસણ તેમજ પેથાપુરમાંથી કેસ મળ્યા

● અનુસંધાન પાન-૭ પર

પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર
આપની આસપાસના
● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●
આપના પોતાના અખબારમાં પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી
અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો
વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com
ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧
નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com